RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 160 * Date: 31.03.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મ્યાનમાર બાદ વધુ એક દેશમાં ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ, લોકોના જીવ પડીકે બંધાયા



મ્યાનમારમાં શક્તિશાળી ભૂકંપના કારણે સેંકડો લોકોએ જીવ ગુમાવ્યો છે અને હજુ પણ રેસ્ક્યૂ ઓપરેશન યથાવત છે. એવામાં હવે પેસિફિક દ્વીપના વધુ એક દેશમાં શક્તિશાળી ભૂકંપના આંચકા આવ્યા છે. ટોંગામાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ માપવામાં આવી છે. અધિક તીવ્રતાના કારણે ભૂકંપ બાદ સુનામીની ચેતવણી પણ જાહેર કરવામાં આવી છે. ભૂકંપથી થયેલા નુકસાનની સમીક્ષા કરવામાં આવી રહી છે. US જિયોલોજીકલ સર્વે અનુસાર ભૂકંપનું કેન્દ્રબિંદુ ટોંગાની નજીક હતું. ભૂકંપના કેન્દ્રથી ૩૦૦ કિમી દૂર સુધી દરિયામાં ઊંચા ઊંચા મોજાં ઉછળવાની ચેતવણી આપવામાં આવી છે. નોંધનીય છે કે ટોંગા એક એવો દેશ જે ૧૭૧ ટાપુઓથી બન્યો છે અને તેની વસતિ આશરે એક લાખ છે. આ દેશ ઑસ્ટ્રેલિયાના પૂર્વ તટથી ૩૫૦૦ કિમી દૂર સ્થિત છે.

મ્યાનમારમાં ૭.૭ અને પછી ૭.૨ ની તીવ્રતાના એક પછી એક ભૂકંપ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૭૦૦ લોકો માર્યા ગયા છે અને ૩,૪૦૦ લોકો ઘાયલ થયા છે, ત્યારે યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે (યુએસજીએસ)એ જણાવ્યું હતું કે, મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે પાસે આજે રવિવારે (૩૦ માર્ચ, ૨૦૨૫) ૫.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ગત શુક્રવારે દેશમાં વિનાશકારી ભૂકંપ આવ્યા બાદ એક પછી એક આંચકા અનુભવાય છે. મ્યાનમારની ધરા ૭૨ કલાકમાં ચોથી વખત તીવ્ર ભૂકંપથી હચમચી ઉઠી છે. આજે રવિવારે મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર મંડલે નજીક ભૂકંપ આવ્યો છે. ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો છે. આ વખતે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. જ્યારે ભૂકંપને પગલે બચાવ કામગીરી યથાવત છે.

## હિમાચલના કુલ્લૂમાં મોટી દુર્ઘટના: પર્વત પરથી વૃક્ષ ગાડીઓ પર પડ્યું, છના મોત

હિમાચલ પ્રદેશના કુલ્લૂમાં મણિકર્ણ પાસે મોટી દુર્ઘટના થઈ છે જેમાં છ લોકોએ જીવ ગુમાવ્યા છે. અહીં પહાડી રસ્તા પર મસમોટું વૃક્ષ અચાનક જ ગાડીઓ પર પડી જતાં અનેક લોકો દબાઈ ગયા હતા. અત્યાર સુધીમાં છ લોકોના નિધનની પુષ્ટિ થઈ છે જ્યારે ઘણા લોકો ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થયા છે. હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર મણિકર્ણ ગુરુદ્વારાના સામેના રસ્તા પર વૃક્ષ પડી જતાં ટુરિસ્ટ તથા એક વેપારી નીચે દબાઈ ગયા હતા. ઈજાગ્રસ્ત લોકોને સ્થાનિકોની મદદથી આસપાસની હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આશંકા છે કે ભૂસ્ખલનના કારણે આ વૃક્ષ ગાડીઓ પર પડ્યું હોઈ શકે.





**તંત્રી લેખ........**

# પહેલી એપ્રિલથી બદલાઈ જશે ટેક્સના ૧૦ નિયમો

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (મૂલ્યાંકન વર્ષ ૨૦૨૬-૨૭) માટે જાહેર યુનિયન બજેટમાં નવું ઈન્કમ ટેક્સ બિલ રજૂ કરવામાં આવ્યું છે. તેમજ કરદાતાઓને નવી કર પદ્ધતિ હેઠળ આકર્ષિત કરવા અને કર માળખાને સરળ બનાવી કર અનુપાલનને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી મોટા ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. આ ફેરફારોને ધ્યાનમાં રાખીને ટેક્સ પ્લાનિંગ કરવું જરૂરી છે. તો ચાલો આ ફેરફારોને વિગતવાર અને સરળ ભાષામાં જાણીએ.બજેટ ૨૦૨૫માં સેક્શન ૧૧૫મ્છઝ હેઠળ નવા ટેક્સ સ્લેબની દરખાસ્ત કરવામાં આવી છે. આ સ્લેબ નવી કર વ્યવસ્થા (ડિફોલ્ટ ટેક્સ રિજીમ) હેઠળ લાગુ થશે. નવી કર વ્યવસ્થા હેઠળ રિબેટ લિમિટ રૂ. ૨૫૦૦૦થી વધારી રૂ. ૬૦૦૦૦ કરવામાં આવી છે. હવે રૂ. ૧૨ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ લાગુ થશે નહીં. જો કે, જૂની કર વ્યવસ્થામાં રિબેટ લિમિટ રૂ. ૧૨૫૦૦ જળવાઈ રહેશે.

તારીખ ૩૧ માર્ચ ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી છે, જે રોકાણકારો અને વ્યવસાયોને લાંબા ગાળાના લાભો પ્રદાન કરશે. વિદેશી રોકાણકારો દ્વારૌં હ્લજીઝ પાસેથી ખરીદવામાં આવેલી જીવન વીમા પૉલિસી પર કોઈ ટેક્સ લાગશે નહીં, જે આંતરરાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન આપશે. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સ માટે પણ રાહત આપવામાં આવી છે, જ્યાં ૧લી એપ્રિલ ૨૦૩૦ સુધીમાં કલમ ૮૦ૈં-છઝ હેઠળ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સને પ્રથમ ૧૦ વર્ષમાં ૩ વર્ષ માટે ૧૦૦% ટેક્સ છૂટ આપવામાં આવશે.ટેક્સ સિસ્ટમને સરળ બનાવવા માટે, સેક્શન ૨૦૬છમ્ અને ૨૦૬ઝઝછ દૂર કરવામાં આવ્યા છે.

# રૂ.૧ કરોડથી વધુની કિંમતની કારના વેચાણમાં દેશમાં અમદાવાદ ત્રીજા ક્રમે, રાજ્યમાં ૨૫૦૦ કરોડનું માર્કેટ



દેશભરમાં ગુજરાત કાર મેન્યુફેક્ચરિંગ તેમજ ઓટો પાર્ટ્સમાં હબ રહ્યું છે. માત્ર મેન્યુફેક્ચરિંગમાં જ નહિં પ્રીમિયમ કારના વેચાણમાં પણ કંપનીઓ માટે ગુજરાત મહત્વનું માર્કેટ બની ચૂક્યું છે. ૧ કરોડથી વધુ કિંમતની કારના વેચાણમાં દિલ્હી, મુંબઈ પછી અમદાવાદ ત્રીજા ક્રમે છે. વોલ્વો, ઓડી, બીએમડબલ્યુ, ટોયોટા, મર્સિડીઝ, પોર્શે, રેન્જ રોવર તથા બીવાયડી જેવી પ્રીમિયમ સેગમેન્ટની કંપનીઓ નવા મોડલ લોન્ચિંગમાં દિલ્હી બાદ અમદાવાદને પ્રાધાન્ય આપી રહ્યાં છે. ગુજરાતમાં ટોચના ચાર શહેરો ઉપરાંત ટીયર ૨-૩માંથી મોટા પાયે ડિમાન્ડ આવી રહી છે. પ્રીમિયમ કારનું ગુજરાતમાં રૂ.૨૫૦૦ કરોડથી વધુનું માર્કેટ રહ્યું છે.

ગુજરાતમાં એક કરોડથી વધુ વેચાતી કારમાં વાર્ષિક ધોરણે ૨૦-૨૫ ટકાનો ગ્રોથ જોવા મળી રહ્યો હોવાનું ટોચની કંપનીઓએ જણાવ્યું હતું. પ્રીમિયમ કારની માગ મેટ્રો શહેરો ઉપરાંત ટીયર ૨-૩માંથી ઝડપી વધી રહી છે. જેની પાછળનું મુખ્ય કારણ આ સેગમેન્ટમાં લોકોની આવકમાં વૃદ્ધિ થવા સાથે ખર્ચની ક્ષમતામાં વધારો જોવા મળી રહ્યો છે. પ્રીમિયમ કારના વેચાણમાં કુલ પોર્ટફોલિયોમાં ઈવીનો ૨૦-૨૫ ટકા જ્યારે ૭૫ ટકા પેટ્રોલ કારનો હિસ્સો રહ્યો છે. ફાઈનાન્સિયલ હબમાં મહારાષ્ટ્ર બાદ ગુજરાત બીજા ક્રમે છે. મેન્યુફેક્ચરિંગ, એગ્રીકલ્ચર તથા આયાત-નિકાસમાં ગુજરાત મહત્વના સ્થાને છે જેથી ઉદ્યોગકારો, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટની માગ વધી રહી છે.

અમદાવાદમાં એક કરોડથી વધુની કાર વેચાણનો ગ્રોથ વાર્ષિક ધોરણે ૨૦ ટકાથી વધુ રહ્યો છે. કોવિડ બાદ કારમાં બેઝિક અને મિડ સેગમેન્ટની તુલનાએ પ્રીમિયમ કારના વેચાણમાં બમણાથી વધુ વૃદ્ધિ નોંધાઇ છે. ગુજરાતમાં ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી રહી છે જે ગ્રાહકોની ખરીદ શક્તિને વેગ આપી રહી છે. પ્રીમિયમ કારના વેચાણ વધવાનું અન્ય કારણ સરળ અને ૯૦ ટકા સુધી ધિરાણ ઉપલબ્ધ છે.

દેશમાં ગુજરાત સૌથી મહત્વનું માર્કેટ છે. ગુજરાતમાં ૨૦૨૫માં સરેરાશ ૨૫૦ કારના વેચાણનો અંદાજ મુક્યો છે જે ૨૦૨૪માં ૨૩૦ કારનું વેચાણ થયું હતું. ગુજરાતમાં ટીયર ૨-૩માંથી મોટાપાયે માગ આવી રહી છે. કંપની દ્વારા રજૂ કરવામાં આવી રહેલા નવા મોડેલમાં પહેલા દિલ્હી બાદ બીજું લોન્ચિંગ ગુજરાતમાં કરવામાં આવી રહ્યું છે. અમારા માટે ગુજરાત મહત્વનું માર્કેટ છે.

# અડાલજ ત્રિમંદિરના પાર્કિંગમાં તસ્કરોનો હાથફેરો

અડાલજ ત્રિમંદિર ખાતે એક પરિવાર સાથે ચોરીની દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે. અડાલજ અંબાટાઉનશીપના રહેવાસી રાહુલભાઈ મનહરભાઈ અમીનના ઘરે તેમના માસીનો પરિવાર મહેમાન તરીકે આવ્યો હતો.

૧૬ માર્ચના રોજ બપોરના સમયે જમ્યા બાદ સમગ્ર પરિવાર ત્રિમંદિર દર્શન માટે ગયો હતો. તેમણે તેમની કાર મંદિરના મુખ્ય દ્વારથી થોડે દૂર પાર્ક કરી હતી. પરિવાર માત્ર અડધો કલાક દર્શન કરીને પરત ફર્યો ત્યારે તેમની કારનો પાછળનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો.




તપાસ કરતા કારમાં મૂકેલી હેન્ડબેગ ગાયબ હતી. બેગમાં ૭૦ હજાર રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોન, ૪૦ હજાર રૂપિયાની સોનાની વીંટી અને ૧૦ હજાર રૂપિયાના ગોગલ્સ હતા. કુલ ૧.૨૦ લાખની મત્તાની ચોરી થઈ હતી.

પરિવારે આસપાસ તપાસ કરી પરંતુ કંઈ માહિતી મળી નહીં. તેઓ અંબાજી દર્શન માટે જવાના હોવાથી તે સમયે પોલીસ ફરિયાદ નોંધાવી શક્યા નહોતા. હવે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

# ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ માં ચાલતા ચાર ફેલોશિપ કોર્સિસમાંથી ત્રણ કોર્સિસને નેશનલ મેડિકલ કાઉન્સિલની માન્યતા નથી, છતાં ૫ વર્ષથી ચલાવવામાં આવી રહ્યા છે: કેગ

- **કેગ ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૫ થી ઓક્ટોબર ૨૦૨૩ સુધી ૮ વર્ષ દરમિયાન માત્ર ૬ સુપર સ્પેશિયલિટી ડોક્ટર તૈયાર થયા છે.**
- **ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કોર્ડીનેટર માટે નો કોર્સ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં નથી આવ્યો.**
- **સરકાર દ્વારા ઈનચાર્જ રજીસ્ટ્રાર ને પાછા IKDRC ના વર્ગ ૩ તરીકે પાછા મોકલવાની સરકારના વિભાગની સૂચના હતી છતાં તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં નથી આવી.**

રાજીવ ગાંધી ભવન, અમદાબાદ ખાતે પ્રેસવાર્તાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય દ્વારા સંચાલિત ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ માં ચાલતી લાલીયાવાડી ને કેગ ના અહેવાલ માં દર્શાવી છે. ઈનચાર્જ કુલપતિ દ્વારા ચલાવવા માં આવતી ેંજી યુનિવર્સિટી માં ઈનચાર્જ કુલસચિવ, ઈનચાર્જ પરીક્ષા નિયામક અને ઈનચાર્જ ડીન એટલે એવું માની શકાય કે યુનિવર્સિટી નું નામ જ ઈનચાર્જ યુનિવર્સિટી રાખી દેવું જોઈએ. ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ માં ચાલતા ચાર ફેલોશિપ કોર્સિસ માંથી ત્રણ કોર્સિસ ને નેશનલ મેડિકલ કાઉન્સિલ ની માન્યતા નથી તેવું કેગ નું અવલોકન છે. નેશનલ મેડિકલ કાઉન્સિલ ની મંજૂરી વગર ૫ વર્ષ થી ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ ફેલોશિપ કોર્સિસ ચલાવી રહી છે તે કેટલું યોગ્ય છે. ફેલોશિપ ઇન એબ્ડોમિનલ ઓર્ગન ટ્રાન્સપ્લાનટેશન, ફેલોશિપ ઇન લીવર ટ્રાન્સપ્લાન્ટ, એનેસ્થિસ્યા અને ક્રિટીકલ કેર કોર્સ અને ફેલોશિપ ઇન પીડિયાટ્રિક નેફ્રોલોજી અને ટ્રાન્સપ્લાનટેશન કોર્સ ની મંજૂરી નેશનલ મેડિકલ કાઉન્સિલ પાસે લેવામાં આવી નથી. કુલસચિવ દ્વારા સ્વીકારમાં આવ્યું કે નેશનલ મેડિકલ કાઉન્સિલ ની મંજૂરી વગર અભ્યાસક્રમ માં પ્રવેશ દર ઓછો છે. કેગ નું અવલોકન છે કે ફેલોશિપ કોર્સિસ માટે નેશનલ મેડિકલ કાઉન્સિલ માં દરખાસ્ત સુદ્ધાં કરવામાં આવી નથી. કેગ ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૫ થી ઓક્ટોબર ૨૦૨૩ સુધી ૮ વર્ષ દરમિયાન બે સુપર સ્પેશિયલિટી કોર્સીસ માત્ર ૬ સુપર સ્પેશિયલિટી ડોક્ટર તૈયાર થયા છે. વધુ ડોક્ટર તૈયાર કરવા માં ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ કેમ નિષ્ફળ ગયી તે દિશા માં વધુ તપાસ થવી જોઈએ તેમ કેગ નું અવલોકન છે. બોર્ડ ઓફ ગવર્નન્સ દ્વારા મંજૂર કરેલ બે સુપર સ્પેશિયાલિટી કોર્સિસ ડીએમ ઈન રિપ્રોડક્ટિવ મેડિસન અને ઓર્ગન ટ્રાન્સપ્લાનટેશન એનેસ્થિસ્યા અને ક્રિટીકલ કેર ૮ વર્ષ સુધી યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવ્યા નથી. કેગના અહેવાલ માં કુલ સચિવ દ્વારા જવાબ નોંધવા માં આવ્યો છે કે પૂરતા પ્રશિક્ષિત ફેકલ્ટી ની ઉણપ ના લીધે આ કોર્સિસ શરૂ કરવા માં નથી આવ્યા. ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કોર્ડીનેટર માટે નો કોર્સ પણ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં નથી આવ્યો.

કુલસચિવ કમલ મોદી ને ડૉ પ્રાંજલ મોદી ની કુલપતિ ના વડપણ હેઠળ મુખ્ય હિસાબી અધિકારી અને ચીફ એડમિનિસ્ટ્રેટર ના ચાર્જ પણ આપવા માં આવ્યો છે. જ્યારે એક સિવિલ એન્જિનિયર ને મેડિકલ ક્ષેત્ર ની અગત્ય ની યુનિવર્સિટી માં પરીક્ષા નિયામક બનાવી દીધા છે. લાયકાત વગર, અનુભવ વગર ના મળતિયાઓ ને ઉચ્ચ જગ્યા એ ગોઠવવા નું શું એક કોભાંડ ના કહી શકાય! વર્ગ ૩ ના કર્મચારી ને વર્ગ ૧ ના કર્મચારી તરીકે મૂકવા તે ગેરરીતિ ન કેહવાય? સરકાર દ્વારા ઈનચાર્જ રજીસ્ટ્રાર ને પાછાૌં દ્ભઢઈઝ ના વર્ગ ૩ તરીકે પાછા મોકલવાની વિભાગની સૂચના હતી છતાં તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવા માં નથી આવી, તો શું ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ ના ઈનચાર્જ કુલપતિ સરકાર ના આદેશ માન્યા વગર પોતાની મનમાની ચલાવે છે તે કેગ ના અહેવાલ માં પુરવાર થાય છે.

# પાપડી જોડે ઇયળ બફાઇ ગઇ!

' આવો સાહેબ આવો.' કાઉન્ટર પર બેસેલ વ્યક્તિએ જમાઈને સાસરિયામાં જેવો પ્રચંડ પ્રેમાળ લીલોછમ આવકાર મળે તેમ આવકાર આપ્યો.

' તમે ડિગ્રી આપો છો?' આવકારે અચકાતા અચકાતા પૂછયું. કોઈ વ્યક્તિ મેડીકલ સ્ટોરમાં કોન્ડોમ કે સેનેટરીન નેપકિન ખરીદ કરવા જાય અને જે ખચકાટ કે ક્ષૌભ અનુભવે એવો સંકોચ અનુભવતો હતો.

' અરે રમેશ, સાહેબ માટે પાણી લાવ' કાઉન્ટર પર બેઠેલ માણસ કાબો હતો. 'તમારા અહીં પગલાં પડે ' ગઝલની જેમ કાઉન્ટરિયાને તરત જ ખબર પડી જાય કે શિકાર સામે ચાલીને હલાવ થવા આવ્યો છે. પહેલી આવનાર બાધાનુમા હોય. ચકળવકળ ડોળાથી બધે જોતો હોય.આવા તેજીને ટકોરાની નહીં પણ ડફણાંની જરૂર હોય!

' સર, તમારું નામ?' બાધો બાઘાઈ કરીને નામ પૂછે.

' મારું નામ કિસ્મત કબાડીવાલા!' ટાઇ પહેરેલ પરંતું પગમાં સ્લીપર ઘાલ્યા હોય તે ઓવર સ્માર્ટ વ્યક્તિ પરિચય આપે.

સર, તમારું નામ? આધારકાર્ડમા જે નામ ચાલતું હોય તે જ કહેજો. પાછળથી નામ બદલવાની બબાલ ન જોઈએ!' કબાડીવાલાએ બકરાને તેનું નામ પૂછયું .
' મારું નામ મફાભૈ મરઘા છે.' બકરાએ પરિચય આપ્યો

' સર, કોઇ લફડું તો નહીં થાય ને? મને લફડાની એલર્જી છે. ' મફાભૈએ બુઝેલો સવાલ પૂછયો!બીજા જાણે સામે ચાલીને લફરાંનો બુસ્ટર ડોઝ ઇન્જેકટ કરાવતા હશે એવું માનવાનું?

' અરે મૈં હૂ ના!' શાબરૂખખાનની જેમ સ્ટાઇલથી હાથ ફેલાવી એકશન કરીને કબાડીવાલા બોલ્યો. જો કે એસઆરકેની એકશન કરવા જતાં હાથ તિજોરીને અથડાયો. મોલમાં દુકાનમાં એટલી જ વિશાળ સ્પેસ હોય છે!

' મેં કીધું કે પાકું કરવું સારૂં, આજકાલ લવ ઓછો અને લફડા વધારે થાય છે!' મોટો પંચ માર્યો હોય તેમ મફાભૈ ખસિયાણો થઈને હસે!

' જુઓ સાહેબ, હું બેઠો છું. એક વરસમાં અગિયાર જણા ઝલાઇ ગયા છે. એકાદ બે વરસે પીપીપી મોડેલથી જામીન મળી જાય છે.' કબાડીવાલાએ કોથળામાંથી બિલાડું કાઢ્યું .

' સર, તમે પીપીપી મોડેલ બોલ્યા એ શું છે?' પેલા બાધાએ પૂછયું.

' અરે મારા સાહેબ, પીપીપી એટલે પડ્યું પડ્યું પાકે! સમય થાય એટલે કોર્ટે પણ જખ મારીને જામીન આપવા પડે!' કબાડીવાલાએ ખુલાસો કર્યો.

' ખર્ચો કેટલો થશે?' મફાભૈએ પાયાનો સવાલ કર્યો.

' મફાભૈ ઉજ્જવળ ભવિષ્ય માટે ખર્ચની સામે ન દેવાય. ખર્ચો કરો એટલો નફો છે. ભવિષ્યમાં તાંત્રિકના ટોચકા વિના રૂપિયાનો વરસાદ વરસવાનો છે. તમે ગણતા થાકશો. તમારી પાંચે આગળ વિહીસ્કી કે ચિલ્ડ બિયરમાં છે એમ સમજો. આમ કહી કહાડીવાલાએ સૂકા પ્યાસી હોઠ પર જીભ ફેરવી મનોમન શરાબનો ટેસ્ટ ફિલ કર્યો!

' સાહેબ, ગરીબ માણસ છું. મોલની જેમ એક સાથે એક ડિગ્રી ફ્રી આપવાની સ્કિમબિમ છે કે નહીં? ડિગ્રી ન ગમે તો બદલી આપવાની પોલિસી છે? પૈસા પાછા આપવાની પોલિસી છે?' મફાભૈમાં સીબીઆઇ કે ઇડીના અધિકારીનો આત્મા કાયમી ધોરણે દાખલ થયો કે શું?

' મફાભૈ ખરેખર ડિગ્રી લેવા આવ્યા છો કે ઉનાળાની ગરમીમાં એસી મોલમાં આંટા મારી ટાઇમપાસ કરવા કે વિન્ડો શોપિંગ કરવા આવ્યા છો? જો ડિગ્રી લેવા સિરિયસ હોય તો જ વાત આગળ કરીએ.' કબાડીવાલા કંટાળ્યો !

'સાહેબ ડિગ્રીનું બ્રોશર છે? ' મફાભૈએ પૂછયું.

'જુઓ ઈલિગલ કામોના બ્રોશર કે મેનું કાર્ડ ન હોય.' કબાડીવાલાએ રોકડું પરખાવ્યું !

' સર, નારાજ ન થશો. ચૂંટણીમાં આપણે ઉભા રહીને મોટા નેતાના ખેલ બગાડે એ માંયલો હું નથી. આઇ એમ બેડલી નીડેડ ડિગ્રી.' વગર પીધે મફાભૈ ઈંગ્લિશ પર સ્વિચઓવર થયા!
' જુઓ મફાભૈ ત્રણ પ્રકારની ડિગ્રી મળશે.' કબાડીવાલાએ મોઢામોઢ મેન્યુ કે બ્રોશર બયાન કર્યુ!

' એટલે ?' મફાભૈથી પડપૂછ કર્યા સિવાય રહેવાયું નહીં.

' બજેટેડ ડિગ્રી એ ડિગ્રી વેચાણનો પ્રાયમરી પ્રકાર છે. આજકાલ એની જ ડીમાન્ડ વધુ રહે છે!' કબાડી વાલાએ માહિતી શેર કરી.

' બજેટેડ કેટેગરીમાં કેવી ડિગ્રી મળશે? પેપર અને બોન્ડ પૂંઠાની ડિગ્રી સર્ટિફિકેટનો ચાર્જ શું રહેશે?' મફાભૈ ધીરે ધીરે લપેટાઇ રહ્યા હતા!

' મફાભૈ બજેટેડ ડિગ્રીના ફરફરિયા ત્રણ હજારમાં મળે. બીએ બીકોમ, લાઇબ્રેરી સાયન્સ વગેરે કે જેને કોઈ રદીના ભાવે ભંગારમાં લેતું નથી એવી ડિગ્રી મળશે. અમે બીએ વીથ ગુજરાતીના ફરફરિયા સાથે બીએ વીથ હિસ્ટ્રીની ડિગ્રી તદન ફ્રીમાં આપીએ છીએ!

' આપણને ઐતિહાસિક ડિગ્રી મળે ? આઇ મીન નાલંદા, તક્ષશિલા કે વલ્લભી વિધ્યાપીંઠની ડિગ્રી મળે?' મફાભૈને લાલચ જાગી.

' અરે બોસ, ચપટી વગાડતા મળે. તાડપત્ર કે ભોજપત્ર પર સુવર્ણાક્ષરે સંસ્કૃત ભાષામાં લખેલ અશ્વપાલ સ્નાતક, વિધ્યાવાચસ્પતિ ઈન ભાલા થ્રોઇંગ,એરો રીપેરીંગ એન્જિનિયર, સ્વોર્ડ પ્રોકશન એન્જિનિયર, માસ્ટર ઈન રથચાલન જેવી માંગો તેવી ડિગ્રી મળશે! એનો ચાર્જ તમારે સોનામહોર સ્વરૂપે ચૂકવવો પડશે. આ ડિગ્રી બધું થઈને સહસ્ત્ર સોનામહોરમા મળે!ઘરના છો તો અડધી સોનામહોર ઓછી આપશો તો ચાલશે! અમેય, આ પૈસા તો અણહકકના છે એટલે બહુ ખેંચતાણ નહીં કરૂં!' કબાડીવાલાએ કાંચન સમી તિલસ્મી દુનિયા ખડી કરી દીધી!

' સર મારે તિરું વલ્લુવરના તામિલ સાહિત્યના તુલનાત્મક અધ્યયનની એમ ફિલ ડિગ્રીની એન્નાદુરાઇ યુનિવર્સિટી તાંજોરની ડિગ્રી જોઇએ તો મળશે?' મફાભૈ ચેન્નાઇ એકસ્પ્રેસમાં બેસી ગયા કે શું?

' અરે બોસ, અવાજ કરો. અઢાર હજાર ઓફ લાઇન કે ઓનલાઇન મને ચુકવો એટલે સંત પેરિયારના ભજનસાહિત્યની પીએચડીની ડિગ્રી ચપટી વગાડતાં મળશે. ' કબાડીવાલાએ કોન્ફિડન્સથી કહ્યું .

' તમારે બધી કોલેજ કે યુનિવર્સિટી સાથે ટાઇ અપ છે ? તમે બધી વિદ્યાપીઠની ફ્રેન્ચાઇઝી લીધી છે?' મફાભૈ ઊંડા પાણીમાં લાઇફ જેક્ટ લીધા સિવાય ઉંડા ઉતરતા હતા. ડૂબના હી હૈ તો તાલાવેલી ઔર ઝીલમા કયા ડૂબના? ગહરે સમંદરમે કયું ન ડૂબે ? આવું કંઈક અનુપ જલોટાએ ગાયું છે!

' તમારે રોટલાનું કામ છે કે ટપટપનું? મે કોઈની સાથે સાંધાસંધાડા કરેલ નથી. આ કેમ્પ્યુટર, પ્રિન્ટર, રંગીન કાગળ એ કલ્પતરુ છે. જેમાંથી કર્સિવ રાઇટિંગવાળી ડિગ્રી વગર સ્ટડીએ ક્રિએટ કરૂં છું' કહાડીનાલાએ ટ્રેડ્સિક્રેટ શેર કર્યુ!
' સર તમે તો મે ખેલાડી તું અનાડી જેવા છૂપા રૂસ્તમ નીકળ્યા!' મફાભૈ કબાડીવાલાથી હિપ્રોટાઇધડ થઇ ગયા !

' મફાભૈ વિદેશી ઘડિયાળ, મોબાઇલ, આઇ રેડ, ચોકલેટની જેમ વિદેશી યુનિવર્સિટીની ડિગ્રીનો મોહ હોય તો કહેજો..ઇથોપિયાથી ઇંગ્લેન્ડ અને અમેરિકાથી અફઘાનિસ્તાનની કોલેજ, યુનિવર્સિટીની ડિગ્રી મળશે! તમને કેમ્બ્રિજ અને કેબેજમા ફરકની ખબર ન હોય તો પણ રોબોટની કેમ્હબ્રિજની પીએચડીની ડિગ્રી મળશે? હાવર્ડનો સ્પેલિંગ લખવાનું હાર્ડ લાગતું હોય તો પણ રોકેટ સાયન્સની માસ્ટર ડિગ્રી મળશે!' કબાડીવાળાનો કોરોબારનો પથારો તો યુનોની જેમ અત્ર તત્ર, સર્વત્ર પ્રસરેલો હતો!

' આમાં ઓફ સિઝન કે સેલ જેવું હોય છે?' મફાભૈનો પતંગ બરાબર ચગ્યો હતો.!

' જુઓ મફાભૈ તમે બાલમંદિરથી કોલેજમા ભણવા માટે પંદર વરસ બગાડો. ચોપડા ,ફી, યુનિફોર્મ, વાહન ફી, એકસ્ટ્રા કેરિકુલમ એકટિવિટી ફી, નાસ્તાની ફી, દફતર, બુટ મોજા વગેરે પાછળ લાખો રૂપિયા બગાડો, સમયની બરબાદી કરો. એ બધી લપનછપ્પન પાછળ જીવનના અમૂલ્ય વરસો વેડફો પછી શું મળે છે? ડિગ્રીનું ફરફરિયું જ ને? એ બધી બબાલમાં પડયા વગર બારોબાર કારોબાર કરી કિફાયતી કિંમતે ડિગ્રી મેળવો તો કોઇને પણ શું વાંધો હોય?' કબાડીવાલાએ ડિગ્રીક્ષેત્રે ડિગ્રીજ્ઞાન ઝાડયું!

' એ વાત બરાબર!' મફાભાઇ ઉવાચ.

' મફાભૈ તમારે પંચાવન વરસે શેના માટે ડિગ્રી જોઇએ છે? કબાડીવાલાએ સવાલનું તીર મર્મસ્થળ પર છોડ્યું !

' સર, હું સલમાનખાનની જેમ દિલ પચપનકા કુંવારા હૂં. લગ્ન આભાર - નિહારીકા રવિયા કરવા મારે ડિગ્રી જોઇએ છે. મારે પ્રોફેસર થવું હોય તો ચોળાફળાની લારી લઇને બેસું. લારીના બોર્ડ પર ચિકની ચોળાફળી સેન્ટર પ્રો. મભાભૈ મરઘા લખી શકું.પરંતું, ડોકટર લખી શકાય નહીં . મારે લગ્ન કરવા ફિજિશ્યન ઇન બાલમંદિરની ડિગ્રી જોઇએ છે!' મફાભૈએ બ્લાઇન્ડ કાર્ડ ઓપન કર્યા!

આ સંવાદ ચાલતો હતો. તેવામાં સીઆઇડી ક્રાઇમની રેડ પડી. કબાડીવાલાના કારનામાની ચર્ચા કા ચીઠા ક્રાઇમ બ્રાચને સાંપડયા હતા. આ બાતમીના આધારે થયેલી રેઇડમાં કબાડાવાલા નામની પાપડી જોડે મફાભૈ નામની ઇયળ પણ બફાઇ ગઇ!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**Nog SSO NO:229**
વિષયઃ સુનિતા વિલિયમ્સ
શિર્ષકઃ અનોખી આકાશી ઉડાન
પ્રકાર. : પદ્ય. શબ્દોઃ ૩૫૦

ઈશ્વરનું અદભુત સર્જન પૃથ્વી પરના સજીવો છે. સામાન્ય રીતે જમીન પરના સજીવોને જમીન પર બોલવા ચાલવાની ટેવ પડેલી હોય છે! જોકે,ચાલવા સાથે ઝડપથી ચાલીને કે પછી દોડવા કૂદકા મારવા,નૃત્ય કરવા કે પરેડ કરવાની ઈચ્છા પણ થઈ જાય તો તે સ્વાભાવિક છે.!!! પરંતુ ભૂતકાળમાં અવકાશી ઉડાન ભરવું તે તે તો ઠીક ,પણ સાત પરીઓના દેશમાં - સ્વપ્રલોકમાં પહોંચી જવાની મનોકમના તો મૃત્યુલોકના માનવીઓને સપનામાં ઘણીવાર થાય છે.

જોકે ઘણા બધા માનવીઓ પૃથ્વી પર જુદી માટીના બનેલા હોય છે,જે પોતાના સપના જોવા અને કઠોર પરિશ્રમ કરીને ફળની આશા રાખ્યા વગર સપના સાકાર કરવાની દિવ્ય દ્રષ્ટિ રાખે છે. તેઓ સપના જોઈને બેસવાના બદલે પોતાના વિશિષ્ટ પ્રયત્નો કરી નિશ્ચિત લાયકાત મેળવીને સપનાની કલ્પેલી સિદ્ધિ હાંસલ કરીને જમ્પે છે

આવા જ વિચારો વાળી સુનિતા વિલિયમ્સને આકાશે ઉડીને વિહાર કરવાની મહેચ્છા જાગી હતી.તેથી પોતાના અવકાશી-સાથીદાર જોડે અવકાશયાનમાં ઉડીને વિહાર કરતાં નિર્ધારિત હેતુઓ સાથે ફરજ બજાવાની મનોકામના તેમને પૂરી પણ કરી છે...!

સુનિતા વિલિયમ્સ પણ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં ઝુલાસણ ગામે માતૃશ્રી બોનીબેન અને પિતાભાઈ દીપકભાઈ પંડ્યાના ઘેર જન્મેલ છે. યોગ્ય સમયે જરૂરી શિક્ષણ મેળવ્યા બાદ અમેરિકન નેવીમાં એવીએટર તરીકે પોતાની કારકિર્દી શરૂ કર્યા બાદ અવકાશી ક્ષેત્રે નાસાને સંલગ્ન એક પછી એક સફળતાના શિખરો સર કરેલ છે.

સુનીતાબેને અવકાશી ક્ષેત્રે સંશોધનો કરવાની કામગીરી કરવાનું સહર્ષ સ્વીકારીને યશ પતાકા લહેરાવવા માંડી. હાલની ત્રીજી અવકાશ યાત્રા પણ તેઓએ સાથી-અવકાશયાત્રી બેરી બુચ વીલમેર સાથે આરંભે દીધી હતી ! પરંતુ તકનીકી ખામીને કારણે માત્ર આઠ દિવસ માટેની અવકાશયાત્રા વધીને ૨૮૬ દિવસની લંબાઈ ગઈ હતી. પરંતુ આખરે તેમની ધીરજ અને પ્રભુ કૃપા એ આપણા બધાના સદભાગ્યથી તેમની અવકાશયાત્રા સફળતાપૂર્વક સિદ્ધ થઈ જે ખૂબ મહત્વની અને ગૌરવની વાત છે.

સુનિતાબેનનું સમગ્ર જીવન,તેમના હિંમતભેર પ્રયત્નો, અને કામગીરી તેમના સપના સાકાર કરવાનું અભિયાન અન્ય સમગ્ર સ્ત્રી-પુરુષો માટે પણ પ્રેરણા રૂપ બનેલ છે. ભારતની મહિલાઓ તો અનાદિકાળથી ઘણા બધા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી અને કારકિર્દી માટે પ્રખ્યાત જ છે. તેમાં એક આ અવકાશયાત્રાના ક્ષેત્રનો ઉમેરો થતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોએ આ નારીએ શક્તિ ડંકો વગાડીને ભારતનું નામ રોશન કરેલ છે.

ભવિષ્યમાં પણ સુનિતાબેન અને આવી અનેક સન્નારીઓ પોતાની સિદ્ધિઓ હિંમતભેર કાર્ય કરીને હાંસલ કરે તે શુભેચ્છા છે.

★ લેખક - "પ્રાપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO :373**
વિષય : અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષક : સુનિતા વિલિયમ્સ જેમ સૌ નારીઓ મહાન છે.
પ્રકાર : ગદ્ય શબ્દ : ૨૦૧

અવકાશમાં સૌથી વધારે લાંબા સમય સુધી રહેવાનો મહિલાનો વિક્રમ પ્રસ્થાપિત કરનાર ભારતીય મૂળની અમેરિકન અવકાશયાત્રી એકમાત્ર સુનિતા વિલિયમ્સ છે.

નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર અવકાશમાંથી નવ મહિના પછી પૃથ્વી પર પાછા ફર્યા છે.આ બંને ગત વર્ષે જૂનમાં અવકાશમાં ગયા હતા અને ટેકનિકલ મુશ્કેલીઓ અને સમયપત્રકમાં ફેરફારને કારણે તેમનું મિશન ખૂબ જ પડકારજનક રહ્યું હતું. વિવિધ સમસ્યાઓના કારણે થોડા દિવસોનું આ મિશન નવ મહિનાનું થઈ ગયું. આવી સ્થિતિમાં, ઓગણ ત્રીસ વર્ષની સુનીતા વિલિયમ્સ અને બાસઠ વર્ષીય બૂચ વિલ્મોરના પૃથ્વી પર પાછા ફરવાની સતત રાહ જોવાઈ રહી હતી. આ રાહ બુધવારે સમાપ્ત થઈ.

સુનિતા વિલિયમ્સ દરેક નારીઓ માટે એક ઉત્તમ ઉદાહરણ રૂપ છે તેઓ એ વાતને સાબિત કરે છે કે એક નારી ધારે તો કંઈ પણ કરી શકે છે.તે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ છે.

મહાન છે આજની સર્વ નારી,
થઈ જાય છે કોઈ વાર ખારી.

વાતો રાખે સદા પોતાની જારી,
ગુસ્સાને એકદમ લે જ્યારે ઠારી.

પતિને સમજાવી પત્ની છે તારી,
ભલે લાગે તમને તે બહુ જ ભારી.

કંઈક રીતે તો લાગતી હશે તે મારી,
તેમની સંગાથે રાખજો સુંદર યારી.

હવે નારી કથા કહેવામાં તારી વારી,
નારી તો હોય છે સદાય ખૂબ સારી.

તેની પાસે તો આ દુનિયા પણ હારી,
તેથી કહેવાય છે નારી છે ખૂબ પ્યારી.

રૂપલ દવે "રૂપ"

# મ્યાનમારમાં મોતનું તાંડવ, મૃતકાંક ૧૭૦૦ પહોંચ્યો, ઈજાગ્રસ્તો ૩૫૦૦, બ્લડ બેન્કોમાં લોહીની અછત



મ્યાનમારમાં શુક્રવારે આવેલા વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. સેંકડો ઈમારતોના કાટમાળમાંથી વધુ ને વધુ મૃતદેહો બહાર કાઢવામાં આવી રહ્યા છે, જેને પગલે દક્ષિણ-પૂર્વ એશિયન દેશમાં ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૧૭૦૦ને પાર થઈ ગયો છે જ્યારે ૩૫૦૦થી વધુ ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. મ્યાનમારના ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં મોટાપાયા પર બચાવ અભિયાન પણ શરૂ કરાયું છે. ગઈકાલના ભૂકંપના આચકાથી લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે ત્યારે શનિવારે પણ લોકોએ ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૧ નોંધાઈ હતી. મ્યાનમારમાં છેલ્લા બે દિવસમાં ૧૬ વખત ધરતી ધ્રૂજી ઉઠી છે.

મીડિયા અહેવાલોથી વિપરિત દુનિયાના સૌથી ગરીબ દેશોમાંના એક મ્યાનમારની લશ્કરી સરકારે શનિવારે કહ્યું કે, ભૂકપમાં ૧૦૦૨ લોકોનાં મોત થયા છે અને અન્ય ૨૩૭૦ લોકોને ઈજા પહોંચી છે જ્યારે ૩૦ લોકો લાપતા છે. નિવેદનમાં એમ પણ કહેવાયું છે કે હજુ અનેક જગ્યાએથી વિગતો આવવાની બાકી હોવાથી મૃત્યુઆંકમાં વધારો થઈ શકે છે. બર્મા તરીકે ઓળખાતું મ્યાનમાર લાંબા સમયથી ગૃહયુદ્ધમાં સપડાયું છે ત્યારે ભૂકંપ પીડિતો સુધી માનવીય સહાય પહોંચાડવી પણ મુશ્કેલ બની ગઈ છે. મ્યાનમારમાં શનિવારે પણ ૫.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર રાજધાની નેપીડો નજીક હોવાનું કહેવાયું હતું. આ સિવાય અનેક આફ્ટર શોક્સ પણ આવ્યા હતા, જેમાં એકની તીવ્રતા ૪.૨ હતી.

મ્યાનમારની લશ્કરી સરકારે કહ્યું કે દેશની બ્લડ બેન્કો ખાલી થઈ ગઈ છે. તેમને મોટાપાયે લોહીની જરૂર છે. દેશમાં અગાઉની સરકારો વિદેશી સહાય મેળવવામાં ધીમી હતી, પરંતુ વડાપ્રધાન મિન ઔંગે કહ્યું કે, તેઓ વિદેશમાંથી આવતી સહાય સ્વીકારવા તૈયાર છે. યુરેશિયન અને ઈન્ડો-ઓસ્ટ્રેલિયન પ્લેટો વચ્ચે ઘર્ષણના કારણે મ્યાનમારમાં ભૂકંપનું જોખમ ખૂબ જ રહે છે. આંતરરાષ્ટ્રીય ભૂકંપીય કેન્દ્ર તરફથી જણાવાયેલા ભૂકંપના માપદંડો મુજબ વર્ષ ૧૯૯૦ થી ૨૦૧૯ સુધીમાં પ્રત્યેક વર્ષે મ્યાનમાર અને તેની આજુબાજુના વિસ્તારોમાં ૩.૦થી વધુ અથવા તેના જેટલી ભૂકંપની ૧૪૦ ઘટનાઓ નોંધાઈ હતી. આ બાબત દર્શાવે છે કે મ્યાનમાર મધ્યમ અને ઊંચી તીવ્રતાના ભૂકંપોના જોખમ પ્રત્યે સંવેદનશીલ છે, જેમાં તેના લાંબા દરિયાકિનારા સાથે સુનામીના જોખમનો પણ સમાવેશ થાય છે.મ્યાનમારના માંડલે શહેર નજીક સાગાઈગમાં આવેલા ભૂકંપથી થાઈલેન્ડના બેંગકોક સિટીમાં પણ ગંભીર અસર થઈ હતી. બંને દેશોમાં અનેક બહુમાળી ઈમારતો તૂટી પડી છે. આ ઈમારતોના કાટમાળમાં જીવીત લોકોને શોધવાના પ્રયત્નો ચાલુ છે. મ્યાનમારની રાજધાની નેપીડોમાં શનિવારે સરકારી કર્મચારીઓએ રસ્તાઓનું સમારકામ, વીજપુરવઠો, ફોન અને ઈન્ટરનેટ સેવાઓ પુનઃ શરૂ કરવાનું કામ શરૂ કર્યું છે. ભૂકંપના કારણે નેપીડોમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કંટ્રોલ ટાવર તૂટી પડયું હતું.

# હારિજમાં હાઈવે ઉપર વરસાદી પાણી ભરાવવાની સમસ્યા હલ કરવા માટે સ્ટ્રોમ વોટર લાઈન નંખાશે



હારિજ નગર પાલિકાના સભાખંડમાં નવીન ચૂંટાયેલા સદસ્યોની મોકૂફ રખાયેલ સામાન્ય સભા શનિવારે ફરી મળી હતી.જેમાં પાલિકા દ્વારા આગામી વર્ષ વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ ૨૮.૪૭ કરોડની આવક સામે ૧૯.૮૬ કરોડ ખર્ચે રજુ કરો ૮.૧૮ કરોડની પૂરાંત વાળું બજેટ કોંગ્રેસના સભ્યોના વિરોધ વચ્ચે મંજુર કરાયું હતું.જેમાં મુખ્ય શહેરમાં જૂની સમસ્યાઓ હલ કરવા તેમજ નવી સુવિધા માટેના પ્રોજેક્ટને બહાલી આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે શહેરમાં હાઈવે ઉપર ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઈન નાખવાનું આયોજન કરાયું છે.હારિજ નગરપાલિકામાં પ્રમૂખ ધરતીબેન ઠક્કર ચીફ ઓફિસર આશિષભાઇ દરજી ઉપપ્રમૂખ કિંજલબેન મહેતાના અઘ્યક્ષ સ્થાને સામાન્ય સભા યોજાઈ હતી.જેમા રજુ કરેલ બજેટને ૧૮ ભાજપના સભ્યોએ સંમતી આપી હતી જ્યારે કૉંગ્રેસ ના ૬ સભ્યો અસંમતી દર્શાવી હતી.છતાં બહુમતીના જોરે બજેટ મંજુર કરાયું હતું.નગરના નવીન વિકાસ કામોના એજન્ડા મૂજબ લેગેસી વેસ્ટ પ્રોજેક્ટ વિવેકાધિન ૨૦૨૫-૨૬ અયોજન હોડિંગ્સ ટેન્ડર નવા વાર્ષીક ભાવો વરસાદી પાણી નિકાલ સ્ટ્રોમ વૉટર લાઇન યોજના બનાવવા તેમજ પાણીની સુવિધા વધારવા હાઈવે વિસ્તારમા નવીન વૉટર વર્કસ પ્રોજેક્ટ કરવો નગર પાલિકા હદ વિસ્તાર નક્કી કરવો,ગોકુલ નગર ટ્યુબવેલ પર નવીન પાણીની ટાંકી બનાવવી,જેવા આગામી સમયમા કરવાના વિકાસ કામોની કરાઇ હતી. તેમજ પ્રમૂખ સ્થાને થી વન નેસન વન ઈલેક્શન ઠરાવ બહુમતી થી પાસ કરવામાં આવ્યો હતો.









આજરોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાયસણ દ્વારા આયોજિત "એન્યુઅલ એક્સ્પો" યોજાયો. જેમાં મેયરશ્રી મીરાબેન પટેલ એ વિશેષ અતિથિ તરીકે હાજરી આપી હતી. આ અવસરે મેયરશ્રી એ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું તેમજ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# આજરોજ "ગીતા હોસ્પિટલ" નો શુભારંભ પ્રસંગે આનંદવાટીકા, સેક્ટર ૨૨ ખાતે થયો



આ અવસરે મેયરશ્રી મીરાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે આ હોસ્પિટલમાં અધ્યતન ટેકનોલોજીના મશીનો સજ્જ હોવાથી આસપાસના લોકોને આરોગ્યની સારી સુવિધાઓ ઝડપી મળી રહેશે. મેયરશ્રી એ હોસ્પિટલના સંચાલન સાથે સંકળાયેલ સૌને આરોગ્ય સેવાની આ શરૂઆત બદલ અભિનંદન અને શુભકામના પાઠવી હતી.

# શ્રી ભુપેન્દ્રભાઈની સરકારમાં કોઈની લાલીયાવાડી નહીં ચાલે : શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

અગાઉ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ભંડારીયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળા તેમજ કામરેજ વિધાનસભાના દેરોદ ગામે નવીન આંગણવાડી કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે બાંધકામની ગુણવત્તા નબળી જણાતા રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ત્વરિત એક્શન લીધી હતી.ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શનમાં ગુજરાતમાં આજે બાળકો ભણી ગણીને આગળ વધી રહ્યા છે, ત્યારે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજ્ય સરકાર હરહંમેશ એક્શન મોડમાં કામગીરી કરી રહી છે.શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓને સુરક્ષા સાથે શિક્ષણ આપવાનું કાર્ય રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે, ગુજરાતની કોઈ પણ શાળામાં બાળકોની સુરક્ષા અને શિક્ષણ બાબતે કોઈ પણ પ્રકારની લાપરવાહી કે લાલીયાવાડી નહીં ચલાવવામાં આવે તેમજ ગુજરાત રાજયની શિક્ષણની અંદર ગેરવહીવટ કે ગેરરીતિ ચલાવી લેવાશે નહિ જો કોઈ જિલ્લામાં ગેરવહીવટ કે ગેરરીતિની માહિતી મળશે તો રાજ્ય સરકાર કડકમાં કડક પગલા લેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. જુનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ખજુરી હડમતીયા ગામમાં આવેલી પ્રાથમિક શાળાના નબળા બાંધકામના અનુસંધાને તા. ૧૯ માર્ચ ૨૦૨૫ના ગ્રાઉન્ડ ફલોરના સ્લેબનું કાસ્ટીગના બીજા દિવસે બાંધકામની ગુણવત્તા વિશેની ફરિયાદ ગ્રામવાસીઓ અને સ્થાનિક આગેવાનો દ્વારા શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાને કરવામાં આવી હતી. મંત્રીશ્રીની ટેલિફોનિક આજ્ઞા પર જિલ્લા પ્રોજેક્ટ ઈજનેર, થર્ડ પાર્ટી ઈજનેર, ટીઆરપી, એજન્સીના પ્રતિનિધિઓએ તેજ દિવસે રાત્રે ૮:૩૦ કલાકે સ્થાનિક આગેવાનો સાથે શાળાના વર્ગખંડની સ્થિતિની સમીક્ષા કરી. તપાસ દરમિયાન બાંધકામની ગુણવત્તા અસંતોષકારક જણાતા, શિક્ષણમંત્રીએ ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબનું કાસ્ટીગ તોડી નાખવાનો અને નવું બાંધકામ શુરુ કરવાનો આદેશ આપ્યો હતો.

# સિદ્ધપુરમાં ધાર્મિક સહ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેતા ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત



સિધ્ધપુર ગોગા મહારાજના મંદિર પારસ પીપળી ખાતે ગોગા મહારાજ ભક્ત મંડળ આયોજિત રમેલ (જાતર)ના ૧૨ મા મહોત્સવમાં ઉપસ્થિત રહી ગોગા મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી તે ઉપરાંત સરસ્વતી નદીમાં ચાલી રહેલ રિવરફ્રન્ટ અને વિકાસ કામોની સમીક્ષા કરી.

તે ઉપરાંત સિદ્ધપુર જુલેલાલ સેવા મંડળી અને સિદ્ધપુર સિંધી સમાજ દ્વારા જૂલેલાલ ભગવાનના જન્મોત્સવ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જુલેલાલ ભગવાનની આરતી ઉતારી દર્શનનો લાભ લીધો તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત સિંધી સમાજના આગેવાનો રાજુભાઈ ઠક્કર, લચ્છુભાઇ મુલાની, ધનેશભાઈ સહિત વેપારી મિત્રો સાથે શુભેચ્છાઓની આપલે કરી

તે ઉપરાંત સિધ્ધપુર નગરપાલિકાની સામાન્ય સભાએ પૂર્વ ઉપપ્રમુખ નારીભાઈ લાલુમલ લચ્છીવાળાના સ્મરણાર્થ અન્વયે સિદ્ધેશ્વરી સોસાયટીથી ઝુલેલાલ સોસાયટી સુધીના રસ્તાનું નામ અમર શહીદ હેમુ કાલાણી માર્ગ કરવાનો તેમજ સિધ્ધપુર નગરપાલિકા હોલમાં તેમનો ફોટો મુકવાનો ઠરાવ કરેલ તે અનુસંધાને ઘનશ્યામ સોસાયટી આગળ સિંધી સમાજની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના વરદ હસ્તે તકતીનું અનાવરણ કરવામાં આવ્યું

શહીદ વીર હેમુ કાલાણીનો જન્મ ૨૩ માર્ચ ૧૯૨૩ ના રોજ પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં માતાજી જેઠીબાઈની કુખે થયો હતો પિતા પેશુમલ મધ્યમ પરિવારના વ્યવસાયે ચિકિત્સક હતા. શહીદ વીર હેમુ કાલાણી ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ ફેડરેશન સાથે જોડાયેલા વિદ્યાર્થી સંગઠન સ્વરાજ સેનાના નેતા હતા તેઓએ આઝાદ હિન્દ માટે સિંધ પ્રાંતમાં ભારે લડત આપી હતી રાષ્ટ્રના સ્વાતંત્ર સંગ્રામ માટે શહીદ થનારા સૌથી યુવા ક્રાંતિકારીઓમાં તેઓ એક હતા તેઓને બ્રિટીશ વસાહતી સત્તાવાળાઓએ માત્ર ૧૯ વર્ષ ૮ માસની ઉંમરે તા. ૨૧ જાન્યુઆરી ૧૯૪૩ ના રોજ ફાંસી આપવામાં આવી હતી

આ પ્રસંગે સિદ્ધપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી અનિતાબેન પટેલ, ઉત્તર ગુજરાત સિંધી સમાજના પ્રમુખ નારીભાઈ લચ્છીવાળા, એપીએમસી ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, શંભુભાઈ દેસાઈ, જશુભાઈ પટેલ, વિક્રમસિંહ ઠાકોર, અંકુરભાઈ મારફતિયા, રશ્મિનભાઈ દવે. દશરથભાઈ પટેલ, શૈલેષભાઈ પંચોલી, ભરતભાઈ મોદી, જે.ડી.પટેલ, કૌશલભાઈ જોશી સહિત નગરપાલિકાના સદસ્યશ્રીઓ તેમજ ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા



આજે તા.૩૦-૩-૨૦૨૫ રવિવારે બપોરે ૩-૦૦ થી ૫-૩૦ દરમ્યાન ચૈત્ર નવરાત્રી નિમિત્તે ગાયત્રી ચાલીસાનું સમૂહ અનુષ્ઠાન અખિલવિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારની પ્રેરણા આશીર્વાદ સંરક્ષણમાં વિશ્વ કલ્યાણાર્થે ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા સમૂહમાં ગાયત્રી ચાલીસા પાઠ,ગાયત્રી મંત્ર,મહામૃત્યુંજય મંત્ર,ભજન,આરતી,પ્રાર્થના સહિત નારણપુરાગામ ખાતે પહેલોવાસ કામિનીબહેન રાકેશભાઈ પટેલના રહેઠાણના સ્થાને કરવામાં આવ્યા હતા જે તા. ૩૦-૩-૨૦૨૫ ચૈત્ર સુદ-૧ રવિવાર થી તા.૬-૪-૨૦૨૫ ચૈત્ર સુદ-૯ રામ નવમી રવિવાર સુધી દરરોજ કરવામાં આવશે અને છેલ્લા દિવસે પૂર્ણાહુતિ ગાયત્રી મહાયજ્ઞ દ્વારા થશે.


# ૧૦૮ યુવાનો દ્વારા ગુજરાતની વિધાનસભામાં માય ભારત દ્વારા આયોજિત વિકસિત ભારત યુવા સંસદ કાર્યક્રમ અંતર્ગત પોતાના વિચાર રજૂ કર્યા

૨૯મી માર્ચ ૨૦૨૫ની રોજ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય અંતર્ગત કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત, માય ભારત



ગુજરાત દ્વારા ગુજરાત વિધાનસભા ખાતે રાજય સ્તરીય વિકસિત ભારત યુવા સંસદનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓના શીર્ષ ૧૦ યુવાનો દ્વારા બંધારણના ૭૫ વર્ષની યાત્રા વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૧૦૮ યુવાનો ઉપસ્થિત થયા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા યુવાઓને એક શ્રેષ્ઠ નેતા, વક્તા બનવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિશિષ્ઠ અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી શ્રીમતી મીરાબેન પટેલ, ગુજરાત રાજ્યના રાજ્ય નિર્દેશક શ્રી દુષ્યંત ભટ્ટ, રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય નિર્દેશક શ્રી કમલ કુમાર કર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જ્યુરીમાં શ્રી કુંતલ નિમાવત, શ્રીમતી અંજલીબેન પટેલ, શ્રી ભરત ઢઢિયા, શ્રી અશ્વિન ત્રિવેદી અને શ્રી ઉત્સવ પરમાર દ્વારા સેવા આપવામાં આવી હતી. રાજ્ય સ્તરીય યુવા સંસદમાં કચ્છની આયુષી કેનિયાએ પ્રથમ સ્થાન, વડોદરાની સોનાલીકા નિગમે દ્વિતીય સ્થાન અને ગાંધીનગરના પ્રથમ ટાકોલિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ત્રણ વિજેતાઓ કેન્દ્રીય હોલ સંવિધાન સદનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાત દ્વારા જિલ્લા યુવા અધિકારીશ્રી ગાંધીનગરની કચેરીના સહયોગથી કરવામાં આવ્યું.

# HWPL International Peace Leader Conference



The 5th YEPC is shaping the next generation of youth peace leaders across five countries, including Cameroon and Rwanda. With over 3,000 participants from 60 countries since 2020, this program empowers young people through AI education and leadership training, equipping them to drive community development and peace initiatives. The training highlighted historical youth-led peace movements and featured reflections from HWPL Chairman Lee, emphasizing the power of lived experiences in promoting peace. This global initiative aligns with UN SDGs and UNESCO's lifelong learning goals, making it a compelling story of youth-driven change for sustainable peace.

# એસ.ટી નો વધુ એક વખત નો કમરતોડ ભાડા વધારાથી ગુજરાતના નાગરિકો પર આર્થિક બોજો વધ્યો

**● એસ.ટીના ભાડામાં ડીઝલના ભાવ ઘટ્યા ત્યારે ઘટાડાને બદલે ભાડા વધારો ઝીંકતી ભાજપ સરકાર.**

**● ભાજપ સરકારના મંત્રી, સંત્રીઓના બેફામ ખર્ચા - રજવાડી ઠાઠ બંધ કરી મુસાફરોને લૂંટવાનું બંધ કરી ગુજરાતની જનતાને રાહત આપો.**

"એસ.ટી અમારી સલામત સવારી નહી પરંતુ એસ.ટી અમારી મોંઘી સવારી બની છે" "હાથ ઊંચો કરો અને બસમાં બેસો નહીં" "ખિસ્સા ખંખેરો અને બસમાં બેસો" ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા મધરાતથી વધુ એક વખત ભાડા વધારાને લીધે ગુજરાતના નાગરિકો પરના આર્થિક બોજા માટે ભાજપ સરકારની લૂંટ નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૩માં ૨૫% જેવો તોતિંગ વધારો કરાયા બાદ નજીકના દિવસોમાં જ ફરીથી ૧૦% જેટલો વધારો કરતા એસ.ટી ભાડા માં કુલ ૩૫% જેવો વધારો ઝીકાયો છે જેના લીધે નિયમિત ૨૮ લાખ મુસાફરોના ખિસ્સા ખંખેરાશે. એસ.ટી જ્યારે ડીઝલના ભાવ વધતા ભાડા વધારો કર્યો ત્યારે ૬૮૫.૪૭ કરોડની વાર્ષિક આવક બાદ લોકસભાની ચૂંટણી પૂર્વે ડીઝલના ભાવમાં રૂ.૨/-નો ઘટાડો થવા છતાં ભાડા ઘટાડવામાં આવ્યા નહી અને અંદાજે વાર્ષિક ૧૨૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ મુસાફરો પાસેથી વસૂલવામાં આવી રહી છે. ૧૦% ભાડા ઘટાડવાના બદલે ૧૦% ભાડા વધારવામાં આવ્યા. તત્કાલીન સમયે નિગમને ખર્ચ જેટલી આવક મળી રહે તે હેતુસર નહી નફો નહી નુકસાનના ધોરણે મુસાફરો પાસેથી આવક મેળવી હતી. મોંઘવારીના કપરા કાળમાં મુસાફરો ઉપર હાલ ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં આ પ્રકારનો વધારો બોજ સમાન છે. ભાજપ સરકારના મંત્રી,સંત્રીઓના બેફામ ખર્ચા- રજવાડી ઠાઠ બંધ કરી મુસાફરોને લૂંટવાનું બંધ કરો. અને જે કંઈ વધારો છે એ મોંઘવારીના કપરા સમયમાં પરત ખેંચવામાં આવે.

# ડાંગ જિલ્લાનું મધ્યસ્થ કાર્યાલય કમલમનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ ડાંગ જિલ્લાનું મધ્યસ્થ કાર્યાલય કમલમનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશકિતમંત્રીશ્રી સી.આર.પાટીલજી તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખશ્રીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.



આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલજીએ ડાગ જીલ્લાના કાર્યાલયના ખાતમુહૂર્તને ઐતિહાસીક ઘટના કહી સંબોધન કરતા જણાવ્યું કે, હવે ઈતિહાસ બદલાઇ રહ્યો છે તેનુ જીવતુ ઉદાહરણ છે. દેશને આઝાદી અપાવવા અનેક આદીવાસી ભાઇ-બહેનોએ દરેક લડાઈમા પોતાનુ યોગદાન આપ્યુ છે પરંતુ આદિવાસી સમાજને અફવાઓ અને ગેર સમજ ઉભી કરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કેટલાક વિરોધીઓ કરતા હતા. ડાંગ જીલ્લાના ભાઇ-બહેનો પણ આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના નેતૃત્વમાં સમાજના વિકાસના કાર્યમા જોડાવવું જોઈએ .

શ્રી પાટીલજીએ વિધાનસભાની ચૂંટણીના પરિણામની માહિતીને રજૂ કરતા જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં ૨૭ જેટલી બેઠકમા આદિવાસી સમાજને નેતૃત્વ મળે તેવો પ્રયાસ મોદી સાહેબે કર્યા અને આદિવાસી સમાજના ભાઇ-બહેનોનો વિશ્વાસ સંપાદીત કરી ૨૩ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારનો વિજય થયો. આ ઐતિહાસીક વિજયમા આપ સૌનો સાથ-સહકાર રહ્યો છે. કાર્યાલયની વ્યવસ્થા કરવાનો હેતુ કાર્યને સુગમ કરવા, કાર્યને સરળ અને સુનિયોજીત કરવાનો છે. કાર્યાલયના ખાતમુહૂર્તમા જૂના કાર્યકર્તાઓને યાદ કરવામાં આવ્યા છે તે જ બતાવે છે કે ભાજપનો કાર્યકર્તા જવાબદારીમા હોય કે ન હોય પાર્ટી પ્રત્યેના વલણ સાથે જોડાયેલો રહે છે. આ કાર્યાલયમા તમને રાજય અને કેન્દ્ર સરકારની દરેક યોજનાની માહિતી મળી જાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

શ્રી પાટીલજીએ પાણી મુદ્દે સંબોધન કરતા જણાવ્યું કે, પાણી એ પ્રાથમિક જરૂરિયાત છે અંહીની પરિસ્થિતિ થોડી વિસમ છે,કેટલાક લોકો તેમને પાણી ન મળે, તમે ખેતિ ન કરી શકો ,પિવાનુ પાણી ન મળે તેના માટે પ્રયત્ન કરતા હોય છે પરંતુ વડાપ્રધાનશ્રી આહવા ડાંગને બારે માસ પાણી મળી રહે તે માટે વ્યવસ્થા કરવા જઇ રહ્યા છે. કેટલાક લોકો આ કામને સફળ ન બનાવવા હથકંડા અપનાવી તમને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરશે અને કેટલાક લોકો તેમનુ હિત સાધવા તમને ઉશેકરવાનો પ્રયત્ન કરશે એટલે આપ સૌને વિનંતી છે કે મોદી સાહેબના નેતૃત્વમા આદિવાસી સમાજનુ હિત સુરક્ષીત છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમા આજે આહવા-ડાંગમા સૌથી સારા કાજૂની ખેતી થાય છે. કોંગ્રેસે ડો.બાબાસાહેબ આંબેડકરજીની અવગણના કરી હતુ પરંતુ વડાપ્રધાનશ્રી મોદી સાહેબે તેમના યોગ્ય સન્માન મળે તે માટે કામ કર્યુ છે. આ કાર્યક્રમમાં સુરતના પુર્વ સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન અને જિલ્લાના પ્રભારીશ્રી રાજેશભાઇ દેસાઇ,જીલ્લાના પ્રમુખશ્રી કિશોરભાઇ ગાવિત,જિલ્લાના ધારાસભ્યશ્રીઓ ,જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી, સંઘના આગેવાનશ્રીઓ તેમજ સંતો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં શ્રી ઉમિયા માતાજીનો દિવ્ય રથ પરિભ્રમણ ઠેર ઠેર સ્વાગત કરે




ડીસા શહેરમાં રહેતા સમસ્ત પાટીદાર ભાઈઓ દ્વારા ઉમિયા માતા જીના દિવ્ય રથનું ભવ્ય આયોજન કરવામાં આવેલું હતું ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું ઉમિયા ધામ અમદાવાદ ખાતે બની રહ્યું છે તેના માટે બનાસકાંઠાના પાલનપુર થી ગણેશપુરા ઉમિયા માતાજી નો રથ વહેલી સવારે નીકળી ડીસા પ્રસ્થાન કર્યું હતું આ ઉમિયા માતાજીનો રથ ડીસા એપીએમસી માર્કેટ આગળ પધારેલ ત્યાં સમસ્ત પાટીદાર ભાઈઓ દ્વારા ભવ્ય બાઈક રેલી કાઢીને સ્વાગત કરવામાં આવેલું આ રથ ડીસા પટેલ સોસાયટી માં આવેલ ત્યાં ઉમિયા માતાજીના રથનું આગમન થતાં સમસ્ત પાટીદાર ભાઈઓ દ્વારા ભવ્ય આરતી કરવામાં આવેલી ત્યારબાદ શોભાયાત્રા ના સ્વરૂપે ડીસા શહેરના માર્ગો ઉપર ફરીને દિશામાં મહારાણા પ્રતાપ હાઈસ્કૂલ ખાતે આવેલ ત્યાં આરતી કરીને ભોજન પ્રસાદનો લાભ આપવામાં આવેલો. આ ઉમિયા માતાજીના રથનું ઠેર ઠેર જગ્યાએ સ્વાગત કરવામાં આવેલું સેવાભાવી સંસ્થાઓ દ્વારા છાસ કોલ્ડીંગ સેવ બુંદી નો પ્રસાદ આપવામાં આવેલો ઉમિયા માતાજી નો રથ પટેલ સોસાયટીમાં આવતા દિશાના ધારાસભ્ય પ્રવીણભાઈ માળી જિલ્લા મહામંત્રી કનુભાઈ વ્યાસ સંજયભાઈ બ્રહ્મભટ્ટ કિસ્સા શહેર ભાજપ પ્રમુખ વર્ષાબેન પટેલ મહામંત્રી અશોકભાઈ પટેલ કનુભાઈ જોશી ભારતીબેન પટેલ બહાદુરસિંહભાઈ વાઘેલા નરસિંહભાઈ વાઢેર ડીસા ભાજપના તમામ કાર્યકર્તાઓ યુવા મોરચાના કાર્યકર્તાઓ નગરપાલિકાના કોર્પોરેટરો હાજરી આરતી કરવામાં આવેલી અને સ્વાગત કરવામાં આવેલું સમગ્ર આયોજન પાટીદાર સમાજના કન્વીનર વિરેન્દ્રભાઈ જે પટેલ પાટીદાર સમાજના યુવા પ્રમુખ રાકેશભાઈ એસ પટેલ ડોક્ટર ગિરધરભાઈ પટેલ વિઠ્ઠલભાઈ પટેલ રમેશભાઈ પટેલ ડીસા શહેરમાં રહેતા પટેલ સમાજના ભાઈઓ દ્વારા વિવિધ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.